**સુવિચાર**

દરેક વ્યકિતને જીવનમાં એક વાર તો અનુભવ થાય જ છે કે લાગણી ખોટી નથી પણ ખોટી જગ્યાએ હતી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



સામાકાંઠે માર્કેટ યાર્ડમાં ૩૩.૩૭ લાખના વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક સહિત બેની ધરપકડ P-4

Year-16, Issue-259 ■ DATE : 16-02-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતમાં એઆઇ ઇમ્પેકટ સંમેલનથી ૧૦૦ અબજ ડોલરનું રોકાણ થશે

## આજથી ભારતની યજમાનીમાં સંમેલનનો પ્રારંભ : પાંચ દિવસના આ સંમેલનમાં દુનિયાભરની દિગ્ગજ કંપનીઓના સીઈઓ પ્રમુખ અને રાષ્ટ્રધ્યક્ષ જોડાશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતની યજમાનીમાં આજથી એટલે કે તા.૧૬ થી ૨૦ ફેબુઆરી દરમ્યાન એઆઈ ઈમ્પેકટ સંમેલન શરૂ થવા જઈ રહ્યું છે. જેમાં દુનિયાભરની દિગ્ગજ કંપનીઓના સીઈઓ પ્રમુખ અને રાષ્ટ્રાધ્યક્ષ વગેરે જોડાશે.

ભારત માટે આથી રોકાણની તકો વધી શકે છે અને ૧૦૦ અબજ ડોલરના રોકાણનાં રસ્તા આ સંમેલન ખોલી શકે છે.આ સંમેલન ઈલેકટ્રોનિકસ અને માહીતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા આયોજીત કરાયુ છે,. સંમેલનમાં ટેકનીક સાથે સંકળાયેલ તમામ મોટી કંપનીઓ અને તેમનાં વિશેષજ્ઞો ભાગ લેશે. આ સંમેલન વિકાસશીલ દેશોમાં થનારૂ સૌથી મોટુ આયોજન છે.

બધા માટે એઆઈ પર જોર

સર્વજન હિતાય સર્વજન સુખાયતી થીમ પર આયોજીત સંમેલનમાં એઆઈનો વિકાસ બધાના માટે અને બધાના હિતમાં કરવા પર જોર આપવામાં આવશે. આ સંમેલન ત્રણ સુત્રો પર આધારીત છે જેમાં લોક, પૃથ્વી અને પ્રગતિ સામેલ છે. તેમાં ફોકસ રહેશે કે એઆઈનો ઉપયોગ સામાન્ય લોકોના જીવનમાં કેવી રીતે સરળ બનાવાય.

સંમેલન દરમ્યાન એ ચર્ચા કરવામાં આવશે કે એઆઈથી સ્વાસ્થ્ય કૃષિ શાસન ક્ષેત્રમાં એઆઈનો કેવી રીતે બહેતર ઉપયોગ કરવામાં આવે અને કેવી રીતે યુવાનોને એઆઈની તાલીમ આપીને તકો ઉપલબ્ધ કરાવવામાં આવે સંમેલનમાં ૧૦૦ થી વધુ દેશ સામેલ થઈ રહ્યા છે. જેમાં એઆઈની નીતિ પર મંથન થશે.

સંમેલનમાં દેશ અને દુનિયાભરની દિગ્ગજ કંપનીઓના દિગ્ગજો ભાગ લેશે. તેમાં બિલ ગેટસ, સુંદર પીચાઈ, ગુગલ ડીપમાઈન્ડના સીઈઓ અને નોબેલ પુરસ્કાર વિજેતા ડેમીસ હાસાબીબ મેટાના ચીફ એઆઈ એલેકઝાંડર વાંગ, એન્થ્રોપિકનાં સીઈઓ ડારીયો એમોડેઈ સામેલ છે.

આ ઉપરાંત ભારતનાં મુખ્ય ઉદ્યોગપતિ રિલાયન્સનાં ચેરમેન મુકેશ અંબાણી, ટાટા સન્સનાં ચેરમેન એન.ચંદ્રશેખરન અને ભારતી એરટેલનાં ચેરમેન સુનિલ મિતલ સહીત અન્ય લોકો સામેલ થશે.

દુનિયાભરમાં એઆઈ હવે માત્ર ટેકનીકલ ચર્ચા નથી બલકે અર્થ વ્યવસ્થાનું કરોડરજજુ બની ચુકયુ છે. ફોર્ચ્યુન બિઝનેસ ઈનસાઈટસનાં રિપોર્ટમાં અનુમાન વ્યકત કરાયું છે કે ૨૦૨૭ સુધી ભારતનું ઘરેલુ બજાર ૧૭ મિલીયન ડોલરનું હશે.આ ૨૦૨૪ ની તુલનામાં ત્રણ ત્રણથી વધુની વૃદ્ધિ હશે.

જયારે ૨૦૩૨ સુધીમાં ભારતને એઆઈ બજાર ૧૩૧ બિલીયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે.આથી જાહેર છે કે એક દાયકામાં ભારતની અર્થ વ્યવસ્થાનો મોટોભાગ એઆઈથી સંચાલીત હશે.

## અમદાવાદ-વડોદરાની ૩૩ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આજે ૧૬ ફેબ્રુઆરીના સવારમાં ગુજરાતની ૩૩ થી વધુ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. વડોદરાની ૧૯ અને અમદાવાદની ૧૫ સ્કૂલને બોમ્બની ધમકી ભર્યો મેલ મળ્યો છે. મેઈલમાં મોદી-શાહને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. લખ્યું- ગુજરાત ખાલિસ્તાન બનશે, હિન્દુસ્તાનનાં ટુકડા થશે. બોમ્બની ધમકી મળતા જ તમામ સ્કૂલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે અને વાલીઓમાં પણ દોડધામ મચી છે.

સ્કૂલોમાં બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. તાત્કાલિક ફાયર અને પોલીસની ટીમ સ્કૂલો પર પહોંચી ગઈ છે. હાલ સ્કૂલોને ખાલી કરી વાહનો અને સ્કૂલ કેમ્પસમાં તપાસ કરવામાં આવી રહી છે. સાવચેતીના ભાગરૂપે વડોદરાની ઉર્મિ સ્કૂલની હોસ્ટેલ પણ ખાલી કરાવી દેવામાં આવી હતી. અન્ય સ્કૂલોને પણ ધમકી મળ્યાં આશંકા છે.

## રાજસ્થાનના અલવરમાં કેમિકલ ફેક્ટરીમાં પ્રચંડ ધડાકા બાદ ભીષણ આગ, ૭ના મોત

**મુખ્ય સમાચાર, અલવર**

રાજસ્થાનના અલવર જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. ખુશખેડા ઔદ્યોગિક ક્ષેત્રમાં આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળતા સાત લોકોના જીવતા ભુંજાઈ જવાથી કરૂણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને અંદર કામ કરી રહેલા લોકોને બહાર નીકળવાની તક પણ મળી નહોતી. રાજસ્થાનના અલવર જિલ્લાના ખુશખેડા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ કરૂણ ઘટના બની હતી. પ્લોટ નંબર -૧, ૧૧૮માં આવેલી આ ફેક્ટરી છેલ્લા ઘણા મહિનાઓથી બંધ પડી હતી. અચાનક ફેક્ટરીમાંથી ધુમાડો નીકળવાનું શરૂ થયું અને જોતજોતામાં આખી ફેક્ટરી આગની લપેટમાં આવી ગઈ. આ દુર્ઘટનામાં ૭ લોકો જીવતા સળગી ગયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આગ લાગ્યા બાદ ફેક્ટરીની અંદર ૩ થી ૪ વાર જોરદાર ધડાકા થયા હતા. આ ધડાકા એટલા પ્રચંડ હતા કે તેનો અવાજ દૂર-દૂર સુધી સાંભળવા મળ્યો હતો. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ફેક્ટરીની અંદર રાખવામાં આવેલા ગેસ સિલિન્ડરો ફાટવાને કારણે આ ધડાકા થયા હોઈ શકે છે.

## આજથી વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી પૂર્વે મહત્વનું રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થતાં જ રાજકીય ઉત્તેજના પણ વધી ગઇ છે. બીજી તરફ રાજ્યનું આગામી વર્ષનું બજેટ પણ નાણાંમંત્રી કનુભાઇ દેસાઇ બુધવારે રજૂ કરશે. ૨૩ દિવસના આ સત્રમાં વિધાનસભા ૨૬ સીટીંગ કરશે અને ૨૫ માર્ચના સત્રનો અંત આવશે. રાજ્યમાં ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળમાં ફેરફાર બાદનું આ પ્રથમ સત્ર નવા મંત્રીઓ માટે પણ એક કસોટી બની રહેશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે બજેટ સત્રનો પ્રારંભ થયો છે અને પ્રથમ દિવસે બે સત્ર વચ્ચે દિવંગત થયેલા રાજ્યના મહાનુભાવોને શ્રધ્ધાસુમન અપાશે.

ગૃહમાં આજે નવા ઉપાધ્યક્ષ તરીકે ભાજપના પીઢ ધારાસભ્ય પૂર્ણેશ મોદીની વરણી નિશ્ચિત છે. ગત સપ્તાહએ વિધાનસભાના નવા ઉપાધ્યક્ષની ચૂંટણી માટેનું જાહેરનામુ બહાર પાડ્યું હતું અને ભાજપ તરફથી પૂર્ણેશ મોદીને આ પદ માટે પસંદ કરાયા હતા. જ્યારે કોંગ્રેસે ટોકન ફાઇટ આપવા પક્ષના ધારાસભ્ય શૈલેષ પરમારને ઉમેદવાર બનાવ્યા છે અને રાજ્યપાલના સંબોધન બાદ ઉપાધ્યક્ષની ચૂંટણી માટે મતદાન થશે. ભાજપ ૧૬૨ બેઠકો પર વર્ચસ્વ ધરાવતો હોવાથી મોદીનો આસાન વિજય નિશ્ચિત છે. વિધાનસભાના આ સત્રમાં મહત્વના કેટલાક ખરડાઓ પણ રજૂ થશે. જેમાં સૌ પ્રથમ રાજ્યના ત્રાસવાદ વિરોધી કાનૂન જેને ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ તરીકે ઓળખાય છે. તેમાં સુધારા ખરડો પણ ગૃહ વિભાગ સંભાળતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રજૂ કરશે. સંઘવીએ નાયબ મુખ્યમંત્રી પદ સંભાળ્યા બાદ તેમનું આ પ્રથમ સત્ર છે. આ સુધારા ખરડામાં ધરપકડ અને અટકાયત સંબંધી જોગવાઇઓ ઉમેરાશે.




MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં મહાશિવરાત્રી નિમિત્તે આમ આદમી પાર્ટી દ્વારા ગાયત્રી યજ્ઞ, ઉમેદવારોના વિજય માટે પ્રાર્થના





**મુખ્ય સમાચાર, મોરબી**

મહાશિવરાત્રીના પાવન દિવસે આમ આદમી પાર્ટીની મોરબી જીલ્લા ટીમ દ્વારા જીલ્લા કાર્યાલય ખાતે ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા પ્રભારીની આગેવાનીમાં યોજાયેલા આ યજ્ઞમાં જીલ્લાના લોકોની સુખાકારી, સ્વાસ્થ્ય તેમજ આવનારી સ્થાનિક સ્વરાજ્ય અને મહાનગરપાલિકા ચૂંટણીમાં ઉમેદવારોના વિજયાર્થે પ્રાર્થના કરવામાં આવી હતી.

મહાશિવરાત્રીના પવિત્ર અવસરે આમ આદમી પાર્ટી મોરબી જીલ્લા સંગઠન દ્વારા જીલ્લા કાર્યાલય ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા પ્રભારી પંકજભાઈ રાણસરિયાની આગેવાની હેઠળ ગાયત્રી યજ્ઞ યોજાયો હતો, જેમાં મોરબી જીલ્લાના નાગરિકોની સુખાકારી અને આરોગ્ય સારું રહે તે માટે વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત આવનારી સ્થાનિક સ્વરાજ્ય અને મહાનગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટીના ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી વિજય પ્રાપ્ત થાય તથા ભ્રષ્ટાચારી તંત્ર સામે લડવાની શક્તિ મળે તે માટે યજ્ઞમાં સંકલ્પ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન જીલ્લા અને શહેરના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઉમેદવારોને વિજયતિલક કરી તેમની સફળતા માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# મોરબીના ઘુંટુ ગામે ઇકો કારમાંથી વિદેશી દારૂની ૨૩૭ બોટલ ઝડપાઇ, બે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ઘુંટુ ગામે વસંતવિહાર સોસાયટી પાછળ આવેલ પડતર જગ્યામાં રેઢી પડેલ ઇકો કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૩૭ નંગ બોટલ ઝડપી લીધી હતી. આ સાથે પોલીસે બે આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમને ખાનગીરાહે બાતમી મળી કે, મોઇન મહમદભાઈ જામ રહે. મોરબી મચ્છીપીઠ વાળો તથા તેની સાથે અન્ય એક ઇસમે મળી એક સફેદ કલરની ઇકો કાર રજી.નં. જીજે-૩૬-એજે-૫૬૯૨ વાળીમાં વિદેશી દારૂનો જથ્થો લાવી અને આ વાહન તેઓએ ઘુંટુ ગામે વસંતવિહાર સોસાયટી પાછળ આવેલ પડતર જગ્યામાં રખાવેલ અને ત્યાંથી દારૂની હેરાફેરી કરવાની પેરવીમાં છે. જે મુજબની બાતમીને આધારે તુરંત ઉપરોક્ત સ્થળે રેઇડ કરી હતી. ત્યારે તે સ્થળેથી ઇકો કાર રેઢી મળી આવતા, કારની તલાસી લેતા, કારમાંથી વિદેશી દારૂની કુલ બે બ્રાન્ડની ૨૩૭ નંગ બોટલ કિ.રૂ.૨,૬૦,૭૦૦/-મળી આવી હતી. હાલ એલસીબી પોલીસે દારૂ તથા ઇકો કાર સહિત ૭,૬૦,૭૦૦/-નો મુદ્દાનલ કબ્જે લઈ આરોપી મોઇન મહમદભાઈ જામ તથા એક અન્ય ઈસમ તેમજ તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના ખાપડ ગામે ૧૦૦ વારના ૧૯૫ પ્લોટનું નાગરિકોને વિતરણ કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ

## પ્રોપર્ટી કાર્ડના વિતરણ સાથે આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ, પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત તેમજ ખાપટ મોડલ સ્કૂલનું પ્રતિકાત્મક લોકાર્પણ કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના ખાપટ ગામે યોજાયેલ પંચવિધ કાર્યક્રમ અંતર્ગત પ્લોટ, સનદ અને પ્રોપર્ટી કાર્ડના વિતરણ સાથે આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ, પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત તેમજ ખાપટ મોડલ સ્કૂલનું પ્રતિકાત્મક લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે સંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જેવડાના ગામ સુધી તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે હરહંમેશ પ્રયત્ન કરવામાં આવ્યો છે આજે ઉના તાલુકાના ગામોને પ્રાપ્ત થઈ સુવિધાઓથી આ ગામની પાયાની સુવિધાઓમાં મોટો સુધારો આવશે અને નાગરિક જીવન વધુ સરળ બનશે. સંસદ સભ્યએ વધુમાં જણાવ્યું હતું કે, આજે ૧૯૫ લાભાર્થીઓને મફત પ્લોટ મળ્યા છે, જેના પર તેઓ પોતાનું મકાન બાંધી ઘરના ઘરનું સપનું સાકાર કરી શકશે. કલેકટર શ્રી એન.વી. ઉપાધ્યાય જણાવ્યું હતું કે, આજે જમીનની કિંમતો ખૂબ વધી ગઈ છે. ત્યારે, રાજ્ય સરકાર દ્વારા ઉનાના નાગરિકોને પોતાના ઘરનું ઘર બાંધવા માટે એક સાથે મફત ૧૯૫ પ્લોટ આપ્યા છે. જે ખૂબ મોટી વાત છે. આજે 'વેલેન્ટાઈન ડે'ના અવસરે આ રાજ્ય સરકાર તરફથી મળેલી મોટી ભેટ છે. જેને પ્લોટ મળ્યા છે તેવાં લોકો માટે આ દિવસે યાદગાર બની રહેવાનો છે. ૧૦૦ ચોરસ વારના ૧૯૫ મફત પ્લોટનું સનદ વિતરણએ સરકારના નાગરિકો પ્રત્યના પ્રેમની અભિવ્યક્તિ છે, તેમ જણાવી કલેકટરએ રાજ્ય સરકાર દ્વારા આજે આપવામાં આવેલી વિવિધ સુવિધાઓનો અસરકારક ઉપયોગ કરી વધુમાં વધુ લાભ લેવા અવરોધ કર્યો હતો. આજે ઉનાના નાગરિકોને મળેલ વિવિધ વિકાસ કાર્યોમાં ૧૦૦ ચોરસ વારના ૧૯૫ મફત પ્લોટ,સ્વામિત્વ યોજના હેઠળ ૨૯૯ પ્રોપર્ટી કાર્ડ, અંદાજિત રૂ. ૨૫ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રનુંખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

તો અંદાજિત રૂ. ૭.૫ લાખના ખર્ચે આર.ઓ.પ્લાન્ટ નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત કચેરી દ્વારા લગાવવામાં આવનાર વોટર એ.ટી.એમ. દ્વારા ૧ રૂપિયામાં ૨ લીટર મિનરલ પાણી નાગરિકોને આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય કાળુભાઇ રાઠોડ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ હરિભાઈ સોલંકી, પ્રાંત અધિકારી કે.આર. પરમાર, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત સભ્ય,મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તેમજ ઉનાના નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગરના યુવા ક્રિકેટર કેરવ રાવલની ઓલ ઈન્ડિયા વિઝી ટ્રોફી માટે પસંદગી

## ૭ ઈનિંગમાં ૩૨૫ રન સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને અપાવ્યું ત્રીજું સ્થાન



**મુખ્ય સમાચાર, જામનગર**

ક્રિકેટ જગતમાં જામનગરને વધુ એક ગૌરવ અપાવનાર યુવા ખેલાડી કેરવ રાવલે પોતાની શાનદાર બેટિંગથી શહેરનું નામ રોશન કર્યું છે. ઓલ ઈન્ડિયા વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ટૂર્નામેન્ટમાં ઉત્તમ પ્રદર્શન કરી તેણે પ્રતિષ્ઠિત Vizzy Trophy માટે સ્થાન મેળવ્યું છે. ૭ ઈનિંગમાં ૩૨૫ રન સાથે ત્રણ આકર્ષક અર્ધશતક ફટકારી તેણે પોતાની પ્રતિભાનો પરચો આપ્યો છે.જામનગર જિલ્લાનો શાનદાર લેફ્ટ હેન્ડ બેટ્સમેન કેરવ રાવલે સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન સ્થિર અને જવાબદાર બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. ૭ ઈનિંગમાં કુલ ૩૨૫ રન બનાવી અને તેમાં ત્રણ ફિફ્ટી નોંધાવી તેણે પોતાની ટીમને મજબૂત આધાર આપ્યો હતો. તેના સતત સારા પ્રદર્શનના કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ત્રીજા ક્રમે પહોંચવામાં મહત્વપૂર્ણ ફાળો મળ્યો હતો.

કેરવ રાવલ છેલ્લા કેટલાક સમયથી જાણીતા કોચ મહેન્દ્ર સિંહ ચૌહાણ પાસે નિયમિત રીતે ક્રિકેટની તાલીમ મેળવી રહ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ તેણે પોતાની ટેકિન્ક, ફિટનેસ અને માનસિક મજબૂતી પર ખાસ ધ્યાન આપ્યું છે, જેના પરિણામે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. કોચના માર્ગદર્શન અને સતત મહેનતના કારણે આજે તે રાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી રહ્યો છે.

તેના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને તેની પસંદગી પ્રતિષ્ઠિત Vizzy Trophy માટે કરવામાં આવી છે. આ ટ્રોફી આગામી ૧ માર્ચથી ગોવા ખાતે શરૂ થઈ રહી છે. આ ટ્રોફી માટે પસંદગી મેળવવી દરેક યુવા ક્રિકેટર માટે ગૌરવની બાબત ગણાય છે અને જામનગર માટે ઘણા વર્ષો બાદ આવી સિદ્ધિ પ્રાપ્ત થવી ખાસ મહત્વ ધરાવે છે.જામનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારો અને શહેરના ક્રિકેટપ્રેમીઓમાં આ સમાચારથી હર્ષની લાગણી ફેલાઈ છે. યુવા ખેલાડીઓ માટે કેરવ રાવલ પ્રેરણાસ્ત્રોત બન્યો છે અને તેના પર સમગ્ર શહેરને ગર્વ છે.જામનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના મેનેજર ભરતભાઈ મથરના જણાવ્યા મુજબ, જામનગર ડિસ્ટ્રિક્ટના શાનદાર લેફ્ટ હેન્ડ બેટ્સમેન કેરવ રાવલે ઓલ ઈન્ડિયા વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ટૂર્નામેન્ટમાં ૭ ઈનિંગમાં ત્રણ ફિફ્ટી સાથે ૩૨૫ રન ફટકારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ત્રીજા ક્રમે પહોંચાડી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે અને તેના શાનદાર પ્રદર્શન બદલ તેની પસંદગી Vizzy Trophy માટે કરવામાં આવી છે.આ પ્રસંગે જામનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારોએ કેરવ રાવલને હાર્દિક અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. શહેરના ક્રિકેટ વર્તુળોમાં આ સિદ્ધિ ચર્ચાનો વિષય બની છે અને જામનગરના ક્રિકેટ ઈતિહાસમાં આ ઉપલબ્ધિ ગૌરવપૂર્ણ પાનાં તરીકે નોંધાઈ રહી છે.

# ઉના પોલીસ સ્ટેશનમાં તહેવારોને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ઉના પોલીસ સ્ટેશનમાં આજે તહેવારોને લઈને પીઆઈ ચાવડા સાહેબના અધ્યક્ષ સ્થાને આ શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી જેમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આગામી મહા શિવરાત્રી તેમજ હજરત શાહ બાપુનું ઉર્સ તેમજ રમઝાન મહિનો આવી રહ્યો છે જેને લઈને આ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી

જેમાં હિન્દુ સમાજના આગેવાન મનોજભાઈ બાંભણીયા તેમજ મહેશભાઈબારૈયા રાજુભાઈ નગરપાલિકાના કોપરેટર તેમજ અજય ભાઈ તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા ત્યારે મુસ્લિમ સમાજના આગેવાન માસુમભાઈ કાસમાણી તેમજ મોસીન બાપુ વેપારી અગ્રણી અને મુસ્લિમ સમાજના આગેવાન અબ્બાસભાઈ સુમરાણી યાદગાર બાપુ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આ શાંતિ સમિતિની બેઠક પૂર્ણ કરવામાં આવી હતી

# ૫૦૦ના દરની ૧૦૦ નંગ બનાવટી ચલણી નોટો સાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ચલણી નોટો ઘુસાડવાનું કારસ્તાન પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યું છે. અને બે પરપ્રાંતીય શખ્સો પાસેથી રૂા.૫૦૦ના દરની ૧૦૦ નંગ બનાવટી ચલણી નોટો કબજે કરી છે. તે પ્રકરણમાં રાજસ્થાનના એક સહિત અન્ય ત્રણ ફરારી જાહેર કરાયા છે.

મેઘપર પોલીસને બાતમી મળી હતી કે લાલપુર તાલુકાના પડાણા પાટીયાથી ચંગા પાટીયા તરફ જવાના માર્ગે એક ખાનગી કંપનીના ગેઇટ પાસે પાર્કિંગમાં ટ્રક લઇને આવેલા બે શખ્સો પાસે બનાવટી ચલણી નોટો છે. જેથી મેઘપર પડાણાની પોલીસ ટુકડીએ દરોડો પાડયો હતો.ટ્રકના ડ્રાઇવર મૂળ રાજસ્થાનના વતની હમીદ પપ્પુભાઇ નુરાભાઇ કઠાત તેમજ અરમાન ફઝલુ રહેમાન અબ્દુલ કુરેશી નામના ક્લીનરને અટકાવીને પોલીસ દ્વારા પૂછપરછ અને તલાસી લેવામાં આવતાં તેઓ પાસેથી રૂા.૫૦૦ના દરની ૧૦૦ નંગ બનાવટી નોટો સાથેનું એક બંડલ મળી આવ્યું હતું. જે ચલણી નોટો કબજે કરી ખરાઇ કરતા તમામ ચલણી નોટો બનાવટી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેમાં કેટલીક નોટોના નંબર તો સરખા જ હતા. જે તમામ ડુપ્લીકેટ નોટો કબજે કરી લઇ ટ્રક ચાલક અને ક્લીનરની અટકાયત કરી લીધી હતી. જેઓને મેઘપર પડાણા પોલીસ મથકમાં લઇ જઇ પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે મૂળ રાજસ્થાનના.વતની સલીમભાઇ કઠાત જે શેખાવાસ જિલ્લાનો વતની છે અને તેણે આ ચલણી નોટો મોકલાવી હોવાનું અને રાજકોટ હાઇવે પર અલગ અલગ બે મોબાઇલ નંબર ધારકો તેઓને આ ચલણી નોટો સપ્લાય કરવા માટે આવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા સલીમભાઇ તથા અન્ય બે અજાણ્યા શખ્સોને ફરારી જાહેર કર્યા છે અને આ પ્રકરણમાં તપાસનો દોર રાજકોટ અને રાજસ્થાન સુધી લંબાવાયો છે.

# મોરબી નજીક કેનાલ ડેમમાં ન્હાવા ગયેલ યુવક ડૂબ્યો : ફાયર ટીમ દ્વારા શોધખોળ શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ખાતે રફાળિયા મેળા નજીક કેનાલ ડેમમાં ન્હાવા ગયેલા ત્રણ યુવાનોમાંથી એક ૧૭ વર્ષીય સાહીલ દીપકભાઈ સોલંકી ડૂબી જવાની ઘટના સામે આવી છે. બપોરે ફાયર કંટ્રોલરૂમમાં કોલ મળતા જ ફાયર ટીમ બોટ સાથે સ્થળ પર પહોંચી શોધખોળ હાથ ધરી છે.

મોરબી શહેરમાં આજે બપોરે ૩ વાગ્યાની આસપાસ ૧૦૧ ફાયર કંટ્રોલરૂમમાં કોલ પ્રાપ્ત થયો હતો કે રફાળિયા મેળામાં ગયેલા ત્રણ યુવકો ત્યાં કેનાલ ડેમ ખાતે ન્હાવા ગયા હતા. જે ત્રણ પૈકી એક યુવક ડૂબી ગયો છે. જે બાબતે મળતી માહિતી મુજબ સાહીલ દીપકભાઈ સોલંકી ઉવ.૧૭ મૂળ નવાગામનો રહેવાસી અને હાલ મોરબીના નીલકમલ સોસાયટી જેલ રોડ પર રહેતો હોય જે મિત્રો સાથે મેળામાંથી ફરીને ડેમમાં ન્હાવા ઉતર્યો હતો. ત્યારે અચાનક પાણીની ઊંડાઈ વધુ હોવાને કારણે સાહીલ ડૂબી ગયો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ મોરબી ફાયર ટીમ બોટ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી અને ડેમમાં શોધખોળ શરૂ કરી છે.

# કોમી એકતાનું ઉદારણ પૂરું પાડતા હિન્દુ સમાજના આગેવાનો

## ઉનામાં મહાશિવરાત્રીના દિવસે વેપારી અગ્રણી અબ્બાસભાઈ સુમરાણીનું સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ઉના વિસ્તારમાં મહા શિવરાત્રીનો તહેવાર જેને લઇને સૂર્યમુખી હનુમાનજીના મંદિરે ભાવિ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ તહેવાર ખૂબ ધૂમધામપૂર્વક ઉજવવામાં આવ્યો વાત કરીએ ત્યારે મહાશિવરાત્રીનો પવિત્ર તહેવાર શિવભક્તો માટે એક મહત્વપૂર્ણ દિવસ છે.

હિન્દુ કેલેન્ડર મુજબ, મહાશિવરાત્રી ૨૦૨૬ માં ૧૫ ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવશે. એવું માનવામાં આવે છે કે ભગવાન શિવ અને દેવી પાર્વતીના લગ્ન આ દિવસે થયા હતા. શાસ્ત્રો અનુસાર, જો ભક્તો આ દિવસે તેમની રાશિ અનુસાર ભગવાન શિવની પૂજા અને અભિષેક કરે છે, તો તેમની ઈચ્છાઓ ઝડપથી પૂર્ણ થશે.

જ્યારે આજે વિશાલ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં મુક્તિમ સમાજના અગ્રણી અને વેપારી અગ્રણી તેવા અબ્બાસ ભાઈ સોમાણીનો સાલ ઓઢાડીને ભાવિ ભક્તો દ્વારા સન્માન કરવામાં આવ્યું અને કોમી એકતાનો ઉચ્ચ ઉદાહરણ પૂરું પાડ્યું

# જામનગર મહાદેવ મંદિરે 'હર હર મહાદેવ'ના નાદ સાથે હજારો ભક્તો શિવજીની આરાધના કરવા પહોંચ્યા







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાશિવરાત્રી પર્વ પર વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી.મહાદેવ મંદિરે 'હર હર મહાદેવ'ના નાદ સાથે હજારો ભક્તો શિવજીની આરાધના કરવા પહોંચ્યા હતા. ભક્તોની શિવ ભક્તિથી સમગ્ર વિસ્તાર દિવ્ય ઊર્જાથી સભર બન્યો હતો.મહાદેવ મંદિરે પણ 'બમ બમ ભોલે'ના જયઘોષ સાથે ભક્તો ઉમટી પડ્યા હતા. ચોબારા પ્રકારના વિશ્વના ત્રણ દુર્લભ શિવ-ાલયોમાં સ્થાન પામતા આ મંદિરે હજારો ભક્તોએ શિવલિંગના અભિષેક, પૂજન અને દર્શનનો લાભ લીધો હતો.મહાશિવરાત્રી પર્વ નિમિત્તે 'છોટીકાશી'માં ભગવાન ભોળાનાથને પ્રિય એવા ભાંગના પ્રસાદનું પણ ઠેર ઠેર વિતરણ કરવામાં આવ્યું હતું.ટાઉનહોલ નજીક આવેલા પ્રાચીન શ્રી ભીડભંજન મહાદેવ મંદિરે અને પંચેશ્વર ટાવર વિસ્તારમાં ભગવાન શિવની પ્રસાદી રૂપે ભાંગનું વિતરણ કરાયું હતું. હજારો શિવ ભક્તોએ ભાંગના પ્રસાદનો લાભ લીધો હતો.

# જામનગરમાં ભવ્ય શિવ શોભાયાત્રા યોજાઈ



**જામનગરની છોટીકાશીમાં મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ૪૫મી ઐતિહાસિક શિવ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ દ્વારા આયોજિત આ યાત્રા શહેરના નાગેશ્વર વિસ્તારમાં આવેલા પૌરાણિક સિદ્ધનાથ મહાદેવ મંદિરથી પ્રસ્થાન થઈ હતી.આ શોભાયાત્રામાં શિવજીની સુવર્ણ અલંકારો, ત્રિશુલ, ડમરુ અને પાઘડીથી સુશોભિત મૂર્તિ તેમજ ચાંદી જડેલી પાલખી મુખ્ય આકર્ષણ રહ્યાં. આ ઉપરાંત, ૧૯ જેટલા વિવિધ ફ્લોટ્સ (રથ) પણ જોડાયા. યાત્રા શહેરના જુદા જુદા માર્ગો પર ભ્રમણ કરી ભીડભંજન મહાદેવ મંદિરે પહોંચી મહાઆરતી બાદ સંપન્ન થઈ.**

# જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરનાર રીક્ષા ચાલક પકડાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પંચકોશી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે ફલ્લા હાઈવે રોડ પરથી પસાર થઈ રહેલી એક રીક્ષામાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી થઈ રહી છે.પોલીસ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી.જે વોચ દરમિયાન રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણીનો વતની મનીષ યોગેશભાઈ મીનામાં નામનો રીક્ષાચાલક ત્યાંથી પસાર થતાં તેની રીક્ષા અટકાવીને તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન જીજે-૧૧ યુ. ૨૫૯૫ નંબરની રિક્ષામાં કુલ ૧૪૪ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂપિયા ત્રણ લાખની કિંમતની સીએનજી રીક્ષા અને ૭૭,૦૦૦ નો ઈંગલિશ દારૂ સહિતનો મુદ્દામાલ કબજે કરી લેવામાં આવ્યો છે. અને રીક્ષા ચાલકની વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# મોરબી જીલ્લા કલેકટરના અધ્યક્ષપદે પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ

## ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં જીલ્લાના ૧૭ કેન્દ્રો પર ૨૨,૮૭૦ વિદ્યાર્થીઓ આપશે : પરીક્ષા સીસીટીવી કેમેરા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે તમામ તૈયારીઓ પૂર્ણ




**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી સમયમાં યોજાનાર ધોરણ-૧૦ અને ૧૨ની વાર્ષિક પરીક્ષાઓ મોરબી જીલ્લામાં શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી જીલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને જીલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક પૂર્વે યોજાયેલી વિડિયો કોન્ફરન્સમાં કેબિનેટ શિક્ષણમંત્રી પ્રદ્યુમ્ન વાઝા અને રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જીલ્લાના રિવ્યુ લઈ વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે રીતે સુચારૂ સંચાલન કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

જીલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીએ વિશેષ સૂચના આપતા જણાવ્યું હતું કે, મોરબીમાં મચ્છુ નદી પરના પાડા પુલના રિપેરિંગની કામગીરી ચાલુ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓએ ટ્રાફિકની સ્થિતિને ધ્યાને રાખી પરીક્ષા કેન્દ્ર પર થોડું વહેલા નીકળવું હિતાવહ છે. જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલે ખાતરી આપી હતી કે ટ્રાફિકમાં ફસાયેલા વિદ્યાર્થીઓને પોલીસ તંત્ર પૂરતો સહયોગ આપશે અને જરૂર પડ્યે ટ્રાફિક પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે. નિવાસી અધિક કલેક્ટર એસ.જે.ખાચરે માળિયા પંથકના વિદ્યાર્થીઓ માટે એસ.ટી. નિગમને વધારાની બસ વ્યવસ્થા ગોઠવવા તથા વીજ તંત્રને પરીક્ષા દરમિયાન અવિરત વીજ પુરવઠો જાળવી રાખવા જરૂરી સૂચનાઓ આપી હતી.

બેઠકમાં વિગતો આપતા જીલ્લા શિક્ષણાધિકારી કમલેશ મોતાએ જણાવ્યું હતું કે, મોરબી જીલ્લામાં આ વર્ષે કુલ ૨૨,૮૭૦ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. જેના માટે ૧૭ કેન્દ્રો પર ૮૫ બિલ્ડિંગ અને ૮૦૩ બ્લોક નિર્ધારિત કરવામાં આવ્યા છે. ધોરણ-૧૨ ના ઝોનલ અધિકારી ભાવેશ ભાલોડિયા અને ધોરણ-૧૦ ના શૈલેષ મેરઝાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા સહિતની તમામ વ્યવસ્થાઓની ચકાસણી પૂર્ણ કરી લેવામાં આવી છે. આ સમગ્ર બેઠકનું આયોજન અને વ્યવસ્થા ઇ.આઈ. ધર્મિષ્ઠાબેન કડીવાર અને હિતેશભાઈ સરડવાએ સંભાળ્યું હતું. જીલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

# મૃગીકુંડમાં સાધુઓના સ્નાન સાથે મહાશિવરાત્રિ મેળાની પૂર્ણાહુતિ






**રવેડીમાં નાગા સાધુઓના અવનવા કરતબ, વિદેશીઓ પણ ઝૂમી ઉઠ્યા; ૫ દિવસમાં ૨૫ લાખ લોકો ઉમટ્યા**

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે જૂનાગઢનો મહાશિવરાત્રિનો મેળો. મહાશિવરાત્રિની મધરાતે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સાથે પાંચ દિવસીય મેળાની પૂર્ણાહુતિ થઈ. કહેવાય છે કે, મહાશિવરાત્રિના દિવસે ખુદ ભગવાન શિવ અહીં સાધુ સ્વરૂપે હાજરી આપે છે.મહાશિવરાત્રિના દિવસે સવારથી જ ભવનાથમાં ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું. રવેડીમાં નાગા સાધુઓના અવનવા કરતબો જોવા મળ્યા હતા. રવેડીમાં સાધુઓના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ભવનાથના પાંચ દિવસીય મેળાની ૨૫ લાખથી વધુ ભાવિકોએ મોજ માણી હતી.

મહાશિવરાત્રિની રાત્રે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સાથે પાંચ દિવસીય મેળાની વિધિવત પૂર્ણાહુતિ થઈ ચૂકી છે. મહાશિવરાત્રિના દિવસે સવારથી જ ભવનાથમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા રવેડીના રૂટ પર તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

મહાશિવરાત્રિની રાત્રે ભવનાથમાં રવેડી નીકળી હતી. જેમાં અલગ અલગ અખાડાના સાધુઓ સામેલ થયા હતા. રવેડીમાં અવનવા કરતબ જોવા મળ્યા હતા. રવેડીમાં સાધુઓના દર્શન માટે બપોરથી જ લોકો રસ્તાની બંને તરફ ગોઠવાઈ ગયા હતા. સાધુઓના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

રવેડી નીકળતા જ ભવનાથના રસ્તાઓ પર હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો હતો. સાધુઓની સાથે એક વિદેશી નાગરિક પણ ઝૂમતા જોવા મળ્યો હતો.

રવેડી પૂર્ણ થયા બાદ સાધુઓ ભવનાથ મંદિર પર પહોંચ્યા હતા. અહીં આરતી પૂર્ણ થયા બાદ સાધુઓએ મૃગીકુંડમાં ડૂબકી લગાવી હતી. સાધુઓની ડૂબકી બાદ મેળાની વિધિવત પૂર્ણાહુતિ થઈ હતી.

મૃગીકુંડમાં સાધુઓ જ્યારે સ્નાન કરી રહ્યા હતા ત્યારે જ અનેકવાર વિવાદોમાં ઘેરાઈ ચૂકેલી કીર્તિ પટેલ પણ ભગવા કપડામાં સ્નાન માટે પહોંચી હતી. કુંડમાં ઉતરીને ડૂબકી લગાવી હતી.જેની જાણ વહીવટીતંત્રને થતા તેને ત્યાંથી દૂર કરવાનો પ્રયાસ પણ કરાયો હતો.

નોમથી શરૂ થયેલા મેળાની મહાશિવરાત્રિના દિવસે પૂર્ણાહુતિ થઈ. વહીવટીતંત્રના આંકડા મુજબ પાંચ દિવસ દરમિયાન ૯ લાખથી વધુ ભાવિકોએ મેળાની મોજ માણી હતી.

### ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાતા ગરમીનું પ્રમાણ વધ્યું

## ચાર દિવસ બાદ તાપમાન ૨થી ૩ ડિગ્રી વધશે; શિયાળો વિદાય લેવાની તૈયારીમાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં હાલ ઠંડી ઘટી છે અને દિવસે ગરમીનો અહેસાસ શરૂ થયો છે. આગામી ૪ દિવસ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ ૨-૩ ડિગ્રી તાપમાન વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જ્યારે બાકીના વિસ્તારમાં કોઈ ખાસ મોટો ફેરફાર જોવા મળ્યો નથી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ અને અમદાવાદમાં ૧૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હાલમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩થી ૪ ડિગ્રી ઊંચું નોંધાઈ રહ્યું છે.

રાજ્યમાં હાલમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તરીય પવનો ફૂંકાઈ રહ્યા છે. તાપમાનમાં વધારાનું મુખ્ય કારણ પૂર્વીય પવનો છે, જે પ્રમાણમાં ગરમ હોય છે. હાલમાં આપણે ઉનાળા તરફ આગળ વધી રહ્યા હોવાથી આ એક ટ્રાન્ઝિશન પિરિયડ છે. આગામી ૪ દિવસ માટે વાતાવરણમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ૪ દિવસ પછી ન્યૂનતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે, જેનાથી ગરમીનો અહેસાસ વધશે. સમગ્ર રાજ્યમાં આગામી ૭ દિવસ સુધી વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ૧૦થી ૧૫ નોટ્સની આસપાસ રહેશે. હાલમાં માછીમારો માટે દરિયો ન ખેડવા અંગેની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી.

## હળવદ માનસર નર્મદા કેનાલમાં અગમ્ય કારણોસર યુવાને ઝંપલાવતા મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ વિસ્તારમાં માનસર નર્મદા કેનાલ ખાતે ૧૮ વર્ષીય યુવાને પાણીમાં પડી આપઘાત કરી લેતા તેનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સુજલભાઈ મનસુખભાઈ સોનગ્રા ઉવ.૧૮ રહે. હાલ હળવદ શ્રીજી નગર સોસાયટી-૧, સાંદિપની સ્કૂલ પાછળ મૂળરહે. રણજીતગઢ ગામના વતની ગત તા.૧૪/૦૨ના રોજ પોતાનો મોબાઈલ તથા મોપેડ કેનાલના સાઈફન પાસે મુકી નર્મદા કેનાલના પાણીમાં પડી આત્મહત્યા કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે પોલીસ તપાસમાં મૃતકના પિતા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

## સ્વયંભૂ રામનાથ મહાદેવના દર્શને શ્રધ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું



તસ્વીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રામનાથ મહાદેવ મંદિર (રામનાથપરા વિસ્તારમાં આવેલું, આજી નદીની વચ્ચે સ્વયંભૂ શિવલિંગ તરીકે જાણીતું) મહાશિ-વરાત્રી ૨૦૨૬ ના પાવન પર્વે ભક્તોના માનવ મહેરામણથી ઉમટી ગયું હતું. આ મંદિર લગભગ ૫૦૦ વર્ષ જૂનું (ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવે છે, 'છોટેકાશી' તરીકે પણ ઓળખાય છે) અને રાજકોટના ભક્તો માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. મહાશિવરાત્રીના દિવસે (ફેબ્રુઆરી ૨૦૨૬માં મુખ્યત્વે ૧૪-૧૫ તારીખ આસપાસના દિવસોમાં) વહેલી સવારથી જ હજારો-લાખો ભક્તો દર્શન માટે ઉમટ્યા હતા. મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી, અને મહા આરતી દરમિયાન 'હર હર મહાદેવ'ના નાદથી આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભીડ અને ઉત્સાહ વહેલી સવારથી રાત સુધી ભક્તોનો ઘોડાપૂર રહ્યો. શોભાયાત્રા પણ નીકળી હતી. મહા આરતી મંદિરમાં ભવ્ય મહા આરતી યોજાઈ, જેમાં હજારો ભક્તો જોડાયા અને ભક્તિમય વાતાવરણ સર્જાયું.

## મહાશિવરાત્રિના પાવન પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન અર્ચન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### સોમનાથ મહાદેવ સમક્ષ મુખ્યમંત્રીએ સૌ નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના ત્રિવેણી સંગમ સમા દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવીને શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યા હતા

સૌ પ્રથમ સોમનાથ મંદિરના પંડિતોએ વૈદિક શ્લોકોચ્ચાર વચ્ચે મુખ્યમંત્રીને મંદિરના પ્રાંગણમાં આવકાર્યા હતાં.

સોમનાથ મંદિરમાં મંત્રોચ્ચારના મધુર ગુંજારવ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિકોની સુખાકારી માટે ભોળાનાથ સમક્ષ પ્રાર્થના કરી હતી.

મંદિર પરિસર ખાતે સોમનાથ ટ્રસ્ટ ના ટ્રસ્ટીગણે મુખ્યમંત્રીને બૂકેથી આવકાર્યા હતાં.

આ વેળાએ વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, કલેક્ટર એન.વી.ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા જયદિપસિંહ જાડેજા, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમાર, સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, જિલ્લા અગ્રણી ઝવેરીભાઇ ઠકરાર, સંજયભાઈ પરમાર તથા ગીર-સોમનાથ વહિવટી તંત્રના અને સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કાલથી CBSE બોર્ડની ધો.૧૦ અને ૧૨ની કસોટીનો પ્રારંભ

## બોર્ડની કસોટીનુ કાઉન્ટડાઉન શરૂ: સૌરાષ્ટ્ર - કચ્છમાં ૩.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ

### રાજકોટ સહિત રાજયમાં ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે: તા.૨૨થી બે દિવસ દરમિયાન સૌરાષ્ટ્રના તમામ જિલ્લા મથકો પર પેપરો પહોંચતા કરાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૬ ફેબ્રુઆરીથી પ્રારંભ થનાર ધો.૧૦ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ/ સામાન્ય પ્રવાહ)ની પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોય આ પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં સુચારૂરૂપથી લેવાય છે તે માટેની તૈયારીઓ હવે અંતીમ તબકકામાં પહોંચી ગયેલ છે. જયારે સીબીએસઈ બોર્ડપની પરીક્ષાનો આવતીકાલ તા.૧૭થી પ્રારંભ થનાર છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અંદાજે ૩.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડની આ પરીક્ષામાં બેસનાર છે. જયારે રાજયમાં ૧૫.૨૮ લાખના વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં નોંધાયા છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ પરીક્ષાનો એકશન પ્લાન જાહેર કરાયા બાદ સૌરાષ્ટ ઝોનના તમામ જીલ્લાઓના ધો.૧૦ના પેપર રાજકોટ મોકલી દેવામાં આવેલ છે.

જે તા.૨૨થી વિશેષ સુરક્ષા વ્યવસ્થા સાથે ખાસ વાહનોમાં જીલ્લા મથકે મોકલી દેવામાં આવનાર છે. જયારે ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ/ સામાન્ય પ્રવાહ)ની પરીક્ષાના પેપર પણ તા.૨૨થી બે દિવસમાં ગાંધીનગરથી રાજયના તમામ જિલ્લા મથકો પર મોકલી દેવામાં આવનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, ગત વર્ષની સરખામણીમાં આ વખતે બોર્ડના વિદ્યાર્થીઓની સંખ્યામાં એક લાખ વિદ્યાર્થીઓનો વધારો થવા પામેલ છે. રાજયમાં ૧૫.૨૮ લાખ વિદ્યાર્થીઓ આ વખતે નોંધાયા છે.

જો કે રીપીટર, ખાનગી અને પૃથ્થક મળી કુલ ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે. રાજયમાં ૧૭૦૧ કેન્દ્રોમાં અને ૫૫૬૫ શાળાઓની બિલ્ડીંગોમાં તેમજ ૫૩૭૬૪ બ્લોકમાં આ પરીક્ષા લેવામાં આવનાર છે.

કેન્દ્રીય બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો આવતીકાલથી પ્રારંભ થતા જ કેન્દ્રીય બોર્ડનો અભ્યાસક્રમ ચલાવતી શાળાઓમાં પરીક્ષા ફીવર છવાઈ જશે. ગુજરાત બોર્ડની પરીક્ષા દરમિયાન ચોરી અને ગેરરીતિની ઘટનાઓ પર રોક લગાવવા માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

શિક્ષણ બોર્ડ દ્વારા રાજયના દરેક જીલ્લાઓમાં ફલાઈંગ સ્કવોડ દોડાવાશે આ ઉપરાંત દરેક જીલ્લાઓમાં સ્થાનિક સ્કવોડ દ્વારા પણ પરીક્ષા કેન્દ્રોનું રાઉન્ડ ધ કલોક ચેકીંગ કરવામાં આવશે.

સૌરાષ્ટ ઝોનના પેપરો રાજકોટ આવી પહોંચેલ હોય તા.૨૨ અને ૨૩ એમ બે દિવસ દરમિયાન જીલ્લા મથકો પર ધો.૧૦ના આ પેપરો પહોંચતા કરી દેવામાં આવશે. આ પરીક્ષા સુચારૂ રૂપથી લેવાય તે માટે શિક્ષણ બોર્ડ સજજ બની ગયું છે તેની સાથોસાથ વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની છેલ્લી ઘડીની તૈયારીઓમાં ગુંથાઈ ગયા છે.

## નાની વાવડી કન્યાશાળામાં નિશુલ્ક આરોગ્ય કેમ્પ: ૪૭૦ બાલિકાઓનું નિદાન અને દવા વિતરણ



**મુખ્ય સમાચાર, મોરબી**

ડૉ. હસ્તલેખા મહેતા (હસતીબેન) દ્વારા ૧૪ ફેબ્રુઆરીના રોજ માતુ પુષ્પાબેન ભૂપતભાઈ મહેતાના જન્મદિવસ નિમિત્તે નાની વાવડી કન્યાશાળામાં એક દિવસીય નિશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન ૪૭૦ બાલિકાઓનું આરોગ્ય નિદાન કરી ત્રણ દિવસની દવા આપવામાં આવી હતી. શાળા સ્ટાફ અને સેવાકાર્યકર્તાઓના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

મોરબીના નાની વાવડી કન્યા શાળામાં ગઈકાલ તા.૧૪ ફેબ્રુઆરીના રોજ માતુ પુષ્પાબેન ભૂપતભાઈ મહેતા (૧૪/૨)ના જન્મદિવસ નિમિત્તે તેમના પરિવારના સૌજન્યથી ડૉ.હસ્તલેખા મહેતા (હસતીબેન)ના એક દિવસીય નિશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન શાળાની ૪૭૦ બાલિકાઓનું આરોગ્ય નિદાન કરી જરૂરી માર્ગદર્શન સાથે ત્રણ દિવસની નિશુલ્ક દવા આપવામાં આવી હતી. શાળાના આચાર્ય સાગરભાઈ મહેતા તથા સમગ્ર સ્ટાફે આયોજનમાં ઉત્તમ સહકાર આપ્યો હતો. શિસ્તબદ્ધ રીતે બાલિકાઓની વ્યવસ્થા થવાથી કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. કેમ્પમાં કુ. ચંદ્રલેખાબેન મહેતા, સુદીપ વોરા અને જીગર ભટ્ટે સેવાકાર્ય આપ્યું હતું.

## રંગપર ગામે બંધ સીરામીક ફેક્ટરીમાં કામ દરમ્યાન મજૂરનું મોત : પાંચ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં આવેલી બંધ લુકાસો સીરામીક ફેક્ટરીમાં રાત્રે સલામતી વગર કેંચી-એન્ગલ કાપવાનું કામ કરાવતા મજૂર ૨૫ ફૂટ ઊંચાઈથી નીચે પડતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારે બનાવને માર્ગ અકસ્માત બતાવવાનો પ્રયાસ કર્યાના આક્ષેપ સાથે મૃતક મજૂરના સાળાની ફરિયાદને આધારે તાલુકા પોલીસે બે ફેક્ટરી માલીક સહિત પાંચ આરોપીઓ સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, ફરિયાદી વિજયભાઈ લાલજીભાઈ ઇંદરીયા રહે. વીશીપરા મોરબી વાળાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી જયદીપભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ, ગોપાલભાઈ ત્રણેય રહે.રાજકોટ તથા જીતેન્દ્રભાઈ રંગપરીયા અને અંબારામભાઈ રંગપરીયા બંને લુકાસો સીરામીક ફેક્ટરીના માલીક રહે. મોરબી વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના બનેવી વિક્રમભાઈ પરષોતમભાઈ પાટડીયા રહે.મોરબી વીસીપરા વાળા, જે વેલ્ડિંગ કામ કરે છે. તેમને ગત તા.૧૧/૦૨/૨૦૨૬ની રાત્રે રંગપર ગામની સીમમાં આવેલી બંધ લુકાસો સીરામીક પ્રા. લિ. ફેક્ટરી ખાતે એન્ગલ કાપવાના કામે લઈ જવાયા હતા. જ્યાં ઉપરોક્ત પાંચેય આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી રાત્રિના અંધારામાં ૨૫ ફૂટ ઊંચાઈ પર ગેસ વેલ્ડિંગ દ્વારા કોઈપણ સલામતી સાધનો વગર કામ કરાવતા વિક્રમભાઈ નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થઈ હતી.

ત્યારે સમગ્ર ઘટનાને રીક્ષા અકસ્માત તરીકે દર્શાવી ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાયા હતા. બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ડોક્ટરે વિક્રમભાઈને મૃત જાહેર કર્યા હતા. ત્યારે પરિવારજનોને શરૂઆતમાં ખોટી હકીકત જણાવાઈ હતી. હાલ સમગ્ર બનાવ અંગેની ફરિયાદને આધારે તાલુકા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૬૧(૨), અને ૨૧૨ મુજબ પાંચેય આરોપીઓ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

રાજકોટમાં મહત્વની બ્રાંચો અને સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસી ત્રાટકી

# સામાકાંઠે માર્કેટ યાર્ડમાં ૩૩.૩૭ લાખના વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક સહિત બેની ધરપકડ



**ટ્રકમાં બટાકાની બોરીઓ નીચે ચોર ખાનામાં દારૂ છુપાવી લાવવામાં આવ્યો'તો : એસએમસીના પીએસઆઇ કે.ડી.રવીયા સહિતના સ્ટાફે દારૂ-બિયરની ૮૨૫૭ બોટલનો જથ્થો કબ્જે કરી ટ્રક સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો : રાજકોટના બુટલેગર સહિત દારૂનો જથ્થો મોકલાવનાર સપ્લાયરની શોધખોળ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં દારૂ બંધી માત્ર કાગળ પરજ હોય તેમ પોલીસની મીલીભગતથી 'સીસ્ટમમાં આવતા' બુટલેગરો બેફામ બની પુરજોશમાં દારૂનું ખુલ્લેઆમ વેંચાણ કરતા હોય ત્યારે સ્થાનિક પોલીસ પણ આંખ આડા કાન કરી ગાંધીજીના ત્રણ વાંદરાની સ્થિતિમાં રહી કામગીરી કરતી હોય છે. ત્યારે ગુજરાતમાં દારૂબંધીની કડક અમલાવારી કરવાની નેમ લઇને બેઠેલા ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ મહાનીરીક્ષક નિર્લિપ્ત રાયની કડક સુચનાથી પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયમાં અલગ-અલગ શહેરોમાં એસએમસીની ટીમો તૈનાત કરી દેવામાં આવી હોય અને સ્થાનિક પોલીસ કે મહત્વની બ્રાંચોની મીલીભગતથી પુરજોશમાં ચાલતા દારૂના હાટડા પર દરોડા પાડવાની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટના સામાકાંઠે સ્થાનિક પોલીસ અને મહત્વની બ્રાંચોને ઉંઘતી રાખી એસએમસીની ટીમે માર્કેટ યાર્ડમાં દરોડો પાડી રૂ.૩૩.૩૭ લાખના વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક સહિત બે શખ્સોની ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં પોલીસની રહેમરાહથી ચાલતી સીસ્ટમ છેલ્લા ઘણા સમયથી બેફામ પણે ચાલતી હોય અને બુટલેગરો ખુલ્લે આમ દારૂનો વેપલો ચલાવતા હોય જેથી એસએમસીના પીએસઆઇ કે.ડી.રવીયા, એએસઆઇ નરેશભાઇ સહિતના સ્ટાફ શહેરની ભાગોળે વોચમાં બેઠા હતા તે દરમ્યાન હકિકત મળી હતી કે, બી ડિવિઝન પોલીસ મથકની હદમાં આવેલ જૂના માર્કેટ યાર્ડમાં લવલી આલુ ભંડાર નામની દુકાનમાં દારૂનો જથ્થો ઉતારવાનો હોય પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા ટ્રક નં.આરજે૧૭જીએ૪૫૧૩ માં બટાકાની બોરીઓની નીચે ચોર ખાનામાં દારૂ-બિયરનો જથ્થો સંતાડયો હોય અને ટ્રકમાંથી ગોડાઉનમાં દારૂનો જથ્થો ફેરબદલ કરે તે પહેલા એસએમસીની ટીમ ત્રાટકી હતી. સ્થળ પરથી ટ્રકનો ચાલક અલીમુદીન શ્રીલાલ તેલી (રહે.તેલીપાડા, ધનોલી આગ્રા, ઉત્તરપ્રદેશ) અને ટ્રકનો કલીનર સેતાનસિંહ શ્રીકૈલાશજી નાઇ (રહે.બકાલપુર, આગ્રા, ઉત્તરપ્રદેશ) નામના બન્ને શખ્સોની ધરપકડ કરી વિદેશી દારૂ-બિયર નંગ ૮૨૯૭ કિંમત રૂ.૩૩.૩૭ લાખનો દારૂનો જથ્થો રૂ.૨૦ લાખની કિંમતનો ટ્રક, ૪૮૦ બોરીઓ બટેકાની કિંમત રૂ.૪૬ હજાર સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઝડપાયેલા ટ્રકના ડ્રાયવર-કલિનરની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો મોનુ મલુઆ તેલી (રહે.ભોજપુર, ગામ આગ્રા, ઉત્તરપ્રદેશ) તથા રાજકોટમાં દારૂનો જથ્થો મગાવનાર બુટલેગર સહિત ત્રણ શખ્સોની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# જામનગર રોડ પર પરાપીપળીયા નજીક યુવાન પર કુહાડી વડે હિચકારો હુમલો

### નામચીન શખ્સે હુમલો કરતા ગંભીર રીતે ઘવાયેલ યુવાન સહિત બેને સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર ક્રિકેટ રમી બાઇક પર ઘરે પરત આવી રહેલા કાકા-ભત્રીજા પર જામનગર રોડ પર પરાપીપળીયા નજીક નામચીન શખ્સે કુહાડા વડે હિચકારો હુમલો કરી ગંભીર ઇજા કરી નાસી જતા ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જામનગર રોડ પર આવેલા પરાપીપળીયા ગામમાં રહેતા જેન્તીભાઇ દાનાભાઇ રાઠોડ નામના આહિર યુવાને ગ્રાંધીગ્રામ પોલીસમાં વિક્રમ સોનારા નામના નામચીન શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે રાત્રીના ૭:૩૦ વાગ્યે તેનો કૌટુંબીક ભાઇ જેઠુર અને તેનો નાનો દિકરો કિશન આ બન્ને કાકા-ભત્રીજા જામનગર રોડ પર ગ્રીનફિલ્ડ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમી પરત ઘરે આવતા હતા ત્યારે પરાપીપળીયા ગામના પાટીયા પાસે પહોંચતા વિક્રમ સોનારાએ કોઇ કારણોસર ચાલુ બાઇક પર કુહાડાનો ઘા મારતા ચાલક જેઠુર ભાઇ નીચે નમી જતા ફરીયાદીના દિકરા કિશનને કપાળના ભાગે અને નેણના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા બન્ને બાઇક પરથી નીચે પડી ગયા હતા અને વિક્રમ સોનારાએ કુહાડાના ઉંધા ઘા મારી પગમાં તથા હાથમાં ઘા મારી ગંભીર ઇજા કરી નાસી ગયો હતો. બનાવબાદ ઇજાગ્રસ્ત યુવાનને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. ગાંધીગ્રામ પોલીસના હેડ કોન્સ. પી.જી.ગોહિલે ગુન્હો નોંધી વિક્રમ સોનારાની શોધખોળ આદરી છે.

# મોરબી રોડ પર ગૌરીદળ ગામ પાસે કારમાં થયેલી નુકસાનીના રૂપિયા બાબતે સાળા-બનેવી વચ્ચે મારામારી

### જુના માર્કેટ યાર્ડ પાસે બાઇક સીઝ કરવા ગયેલા સીઝર પર મહિલા સહિત પાંચ શખ્સોનો હુમલો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મોરબી રોડ પર કારમાં થયેલી નુકસાનીના પૈસા બાબતે અને જુના માર્કેટ યાર્ડ પાસે સાગરનગરમાં વાહન સીઝ કરવા બાબતે મારામારી થઇ હોવાની બે ફરીયાદો પોલીસમાં નોંધાઇ છે.

પ્રથમ બનાવમાં મોરબી ગામે રંગપર રોડ પર શ્રમશ્રધ્ધા હોટલ પાસે ઝુંપડપટ્ટીમાં રહેતો હસમુખ વલ્લભ ઉધરેજીયા નામના યુવાને કુવાડવા રોડ પોલીસ મથકે મોરબી રોડ પર ગૌવરીદળ ગામ નજીક આવેલ આઇઓસી પ્લાન્ટની પાછળ ઝુપડપટ્ટીમાં રહેતો વિક્રમ રાણા કલાડીયા, હેમત રાણા કલાડીયા, રાણા હકુ કલાડીયા સહિત ત્રણ સામે ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે પોતે તેના બનેવી રાણા હકુ પાસે તેની કાર અગાઉ ભટકાઇ હોય જેની નુકસાનીના પૈસા લેવા ગયો હતો. ત્યારે તેનો ભાણેજ વિક્રમ, હેમત અને બનેવી રાણા હકુએ તલવાડ વડે અને લોખંડના પાઇપ વડે હુમલો કરી મારમારી વાહનમાં તોડફોડ કરી નુકસાન કર્યુ હોવાની ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે હેડ કોન્સ. એન.એમ.સીરોડીયાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં લાલુ પારેખ ટાઉનશીપ કણકોટ રોડ પર રહેતો જેનીસ મુકેશ ગોસ્વામી નામનો યુવાન અને તેની સાથેના અન્ય યુવાનો વાહન સીઝરનું કામ કરતા હોય તેઓ ગઇકાલે જુના માર્કેટ યાર્ડ પાસે આવેલ સાગરનગરમાં બાઇક નંબર જીજે૩એમએસ૬૬૯૧ ના હપ્તા ચડત થયા હોય જેથી બાઇક સીઝ કરવા ગયા હતા. ત્યારે હરેશ જોગરાણા અને ચાર અજાણ્યા શખ્સો સહિત મહિલાએ બાઇક સીઝ કરવા નહીં દઇ ગેરકાયદેસર મંડળી રચી ચા બનાવવાનો લોખંડનો તાવીચો અને ડોયા વડે હુમલો કરી નદીમ, અભીષેક, સોહિલ સહિત ચાર યુવાનોને શરીરે નાની-મોટી ઇજા કરતા બી-ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઇ પી.એચ.પઢેરીયાએ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# જેતલસર ઓવરબ્રિજ પર કાળમુખો અકસ્માતઃ પૂરઝડપે જતી કાર ડિવાઈડર સાથે અથડાતા બે ટુકડા, યુવતી સહિત ત્રણના મોત

### જૂનાગઢ શિવરાત્રિ મેળો માણી પરત ફરતા યુવાનોને નડ્યો અકસ્માતઃ બે પરિવારે એકના એક દીકરા ગુમાવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર નજીક જેતલસર જંકશન રેલવે ઓવરબ્રિજ પર વહેલી સવારે એક અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો હતો. જૂનાગઢથી મહાશિવરાત્રિનો મેળો માણી પરત ફરી રહેલા જેતપુરના ચાર મિત્રોની સ્કોડા કાર પૂરઝડપે ડિવાઈડર અને બ્રિજની દીવાલ સાથે અથડાતા કારના કુરચેકુરચા ઉડી ગયા હતા. અકસ્માત એટલો પ્રચંડ હતો કે કારના બે કટકા થઈ ગયા હતા અને તેમાં સવાર એક યુવતી સહિત ત્રણ યુવાનોના કરણ મોત નીપજ્યા છે, જ્યારે એક યુવક હાલ હોસ્પિટલમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

જેતપુર ઉદ્ઘક્ષ રોહિતસિંહ ડોડીયાના જણાવ્યા અનુસાર, વહેલી સવારે સાડા છ વાગ્યાની આસપાસ સફેદ કલરની સ્કોડા કાર (GJ-03-ER-9351) ઓવરસ્પીડના કારણે ચાલકે કાબૂ ગુમાવતા બ્રિજની દીવાલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં અરુણ પ્રફુલ્લભાઈ વાળા (ઉ.વ. ૨૨) અને મુસ્કાનબેન હરેશભાઈ બગડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે થવાયેલા જયદીપ કિશોરભાઈ ચૌહાણનું જૂનાગઢ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અન્ય એક યુવક અમિત ચનાભાઈ પરમાર હાલ સારવાર હેઠળ છે. આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અણ વાળા અને જયદીપ ચૌહાણ પોતપોતાના પરિવારના એકના એક દીકરા હતા, જેના કારણે બંને પરિવ-ારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક મુસ્કાનબેન જેતપુરની ખાનગી હોસ્પિટલમાં કાર્યરત હતા. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ માત્ર અને માત્ર કારની અતિશય ઝડપ હોવાનું બહાર આવ્યું છે, કારણ કે કાર અન્ય કોઈ વાહન સાથે અથડાઈ નહોતી. અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી. જેતપુર તાલુકા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કેન દ્વારા કારના અવશેષો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. પોલીસે હાલ અકસ્માતનો ગુનો નોંધી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. મૃતક જયદીપ કિશોરભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૨ આશરે) જૂનાગઢ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. જે ધોરાજી પાસે છાડાવાવદર ગામનો અને હાલ રહે જેતપુરમાં ધોરાજી રોડ પર જલારામ-૩માં મજૂરી કામ કરતો હતો, માતા-પિતા અને એક નાની બહેન છે. તે પરિવારનો એકનો એક દીકરો હતો.

અમિત ચનાભાઈ પરમાર (ઉ.વ. ૨૨) હાલ જૂનાગઢ સારવારમાં છે, તે મજૂરી કામ કરે છે, પરિવારમાં માતા-પિતા, ત્રણ ભાઈઓમાં તે ત્રીજા નંબરનો છે અને જેતપુરમાં દાસીજીવણપરામાં રહે છે.

# લોટરી બજારમાં ફુટના વેપારી પર હિચકારો ખુની હુમલો કરનાર ઝડપાયા

### ૧૫ હજારની ઉઘરાણીમાં ઈભલા તેના ભાઈ સહિતની ત્રિપુટીનું કારસ્તાન : ત્રણ શખ્સો વિરૂધ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધાયા બાદ ધરપકડ કરાય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની લોટરી બજારમાં નાણાંની લેતીદેતીના ડખ્ખામાં અનેકવાર પોલીસ ચોપડે ચડી ગયેલા ઈભલા આણી ટોળકીએ ફ્રુટના વેપારી પર લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે ખુની હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે. પોલીસે આ મામલે હત્યા પ્રયાસ સહિતની કલમો આધારે ત્રિપુટી સામે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

આ અંગેની મળતી વિગતો મુજબ રાજકોટના બજરંગવાડી વિસ્તારમાં રહેતા અને લોટરી બજારમાં એમ. કે. એસ. નામની ફ્રુટની દુકાન ચલાવતા શબીર રફીકભાઈ શેખ ઉ.વ. ૩૫ એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાની દુકાને હતા. આ વેળાએ મોરબી રોડ પર રહેતા નામચીન ઈભલો, તેનો ભાઈ ફિરીયો ઉર્ફે ફિરોજ, અને તોફિક ત્યાં ધસી આવ્યા હતા. આરોપી ઈભલાએ જૂના બાકી નીકળતા ૧૫,૦૦૦ રૂપિયાની માંગણી કરી ગાળાગાળી શરૂ કરી હતી.

જેથી વેપારી શબીરભાઈએ હાલ રૂપિયા નથી તેમ કહેતા ઉશ્કેરાયેલા આરોપીઓએ હુમલો કર્યો હતો ફિરીયો ઉર્ફે ફિરોજે વેપારીના વાળ પકડી દુઃ બહાર ખેંચી પકડી રાખ્યા હતા, ઈભલાએ લાકડાના ધોકાથી અને તોસિફે લોખંડના પાઈપથી વેપારીને માથા તેમજ શરીરના ભાગે આડેધડ ફટકાર્યા હતા દુકાનનો માણસ રાહુલ વચ્ચે પડતા તેને પણ આરોપીઓએ પાઈપ-ધોકા

વડે માર મારી ઈજા પહોંચાડી હતી. હુમલાખોર કુખ્યાત ઈભલાએ શબીરભાઈને આજે તને જીવતો રહેવા દેવો નથી' તેમ કહી છરી કાઢી થી ગળાપર ઘા કરવાનો પ્રયાસ કરતા શબીરભાઈએ હાથ આડો કરી દેતા છરી કપાળના ભાગે વાગી હતી. આ હુમલામાં વેપારીને નાકમાં ફ્રેક્ચર, માથામાં માઈનોર હેમરેજ અને ત્રણ ટાંકા જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટના બાદ હુમલાખોર ત્રિપુટી નાસી છૂટી હતી, જ્યારે ઈજાગ્રસ્ત વેપારીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે એ-ડીવીઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી પીએસઆઈ એમ આર મકવાણા પણ આરોપીની ધરપકડ ગણતરીની કલાકો માટે કરી છે

# એમજી હોસ્ટેલમાં બે વિદ્યાર્થીઓ ઉપર ધોકા વડે કરાયો હુમલો

### રાત્રીના મોબાઈલમાં ગીત વગાડવાના મામલે ડખ્ખોઃ સામા પક્ષે પણ માર માર્યાની ફરીયાદ સાથે યુવક સારવારમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવાડ રોડ ઉપરની એમજી હોસ્ટેલ ફરી વિવાદમાં આવી છે. રાત્રીના મોબાઈલમાં ગીત વગાડવાના મામલે બે વિધાર્થીઓ ઉપર ધોકા વડે હુમલો થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા છે. જયારે સામાપક્ષે પણ મારમાર્યાની ફરિયાદ સાથે એક યુવક દાખલ થતા યુનીવર્સિટી પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ એમજી હોસ્ટેલમાં રહેતા અને એલએલબીનો અભ્યાસ કરતા અને મુળ કોડીનારના કાચગામના દિવ્યેશ રમેશભાઈ સોસા હોસ્ટેલએ હતો ત્યારે રાત્રીના તેના મિત્ર કૈલાશ પરમાર બહારથી રોકાવા આવ્યા હોય રાત્રીના મોબાઈલમાં ગીત સાંભળતા હતા તે દરમ્યાન ભરત અને તેના ભાઈએ તેને મોબાઈલમાં ફલેશ લાઈટ અને ગીત બંધ કરવાનુ કહી ગાળો આપી હતી. જેથી તેના અન્ય મિત્રો સાથે તેને સમજાવવા જતા બન્ને ભાઈઓએ ઝઘડો કરી ધોકા વડે હુમલો કરી નાસી ગયા હતા. બનાવના પગલે દિવ્યેશભાઈને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. જાણ થતા યુનીવર્સિટી પોલીસ મથકના એએસઆઈ મુકેશ ચરમટા સહીતની ટીમે ભરત જાદવ અને મયુર જાદવ સામે ગુનો નોધી કાર્યવાહી કરી હતી તે દરમ્યાન મયુર જગુભાઈ જાદવ (ઉ.૨૪) એમજી હોસ્ટેલમાં હતો તે દરમ્યાન દિવ્યેશ સોસા સહીતે ધોકા વડે હુમલો કર્યાની ફરિયાદ સાથે સીવીલ હોસ્પીટલમાં દાખલ થતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# નિવૃત્ત એએસઆઈ ઈકબાલભાઈ સુમરાનો માનસિક બિમારીથી કંટાળી આપઘાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર મોચીનગરમાં રહેતા નિવૃત્ત એએસઆઈ ઈકબાલભાઈ સુમરાએ માનસીક બિમારીથી કંટાળી પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારજનોમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટના જામનગર રોડ ઉપર મોચીનગર શેરી નં. ૬ માં રહેતા નિવૃત્ત એએસઆઈ ઈકબાલભાઈ આમદભાઈ સુમરા ઉ.વ.૬૫એ વહેલી સવારે પોતાના ઘરે બારીમાં નાઈલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પરિવાજનો જાગતા ઈકબાલભાઈ લટકતી હાલતમાં મળી આવ્યા હતાં. ૧૦૮ના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ મરણ ગયાનું જાહેર કરી પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખશેડવામાં આવ્યો હતો.પ્રાથમિક તપાસમાં મૃતક ઈકબાલભાઈત્રણભાઈ ત્રણ બહેનમાં વચેટ અને અગાઉ પોલીસ હેડક્વાટરમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતાં. હાલમાં તેઓ નિવૃત્ત હોય અને તેમને માનસીક બિમારી હોય જેનાથી કંટાળી આ પગલુ ભરી લીધાનું પરિવારજનો દ્વારા જણાવવામાં આવ્યું છે. મૃતકને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

# કાલાવડ રોડ અવધના ઢાળ નજીક યુવકને આંતરી ૨૨૦૦ની લૂંટઃ બે શખ્સો ઝડપાયા

### ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એસવી ચુડાસમા અને તેમની ટીમે મેટોડાના ધવલ પરમાર, ભરત રાઠોડ અને બાળ આરોપીને ઝડપી લીધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલ અવધ ના ઢાળિયા નજીક ગત મોડી રાત્રીના કેટરિંગમાં કામ કરતો યુવક જૂનાગઢ જવા ચાલીને નીકળ્યો હતો તે દરમિયાન ત્રિપુટી એ યુવકને માર મારી ૨૨૦૦ રોકડની લૂંટ ચલાવવાની ઘટના ના ગણતરી ના જ કલાકોમાં શહેર ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે લૂંટ ચલાવનાર એક બાળ આરોપી સહિતની ત્રિપુટીને ઝડપી ગુના નો ભેદ ઉકેલી નાખ્યો હતો. મળતી વિગતો મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા જેસીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈએમઆર ગોંડલીયાની સૂચનાથી પીઆઈ સીએચ જાદવ, પીઆઈ એમ એલ ડામોર, ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એસવી ચુડાસમા અને ટીમ વિસ્તાર પેટ્રોલિંગમાં નીકળી હતી. તે દરમિયાન ગતરાત્રિના કાલાવડ રોડ

પર આવેલ અવધ ના ઢાળિયા નજીક રાત્રિના અઢી થી ત્રણ વાગ્યાના અરસામાં કેટરિંગમાં કામ કરતો યુવક જુનાગઢ જવા રોકડા માટે પગપાળા નીકળ્યો હતો તે દરમિયાન અજાણ્યા ત્રણ શખ્સોએ યુવકને આંતરી યુવકને ઢોલધપાટ કરી તેની પાસેથી રૂપિયા ૨૨૦૦ ની લૂંટ ચલાવી હતી. તે અંગે ગણતરીની જ કલાકોમાં ક્રાઈમ બ્રાન્ચ ની ટીમોએ ટેકનિકલ સોર્સની મદદથી લૂંટ ચલાવનાર આરોપી ધવલ ભોજાભાઈ પરમાર ઉમર ૨૩ રહે મેટોડા રાઠોડ ગેટ એક તેમજ ભરત લાખાભાઈ ઉંમર ૨૬ રહે મેટોડા ગેટ નંબર ૧ તેમજ એક બાર આરોપી ને ગુનામાં ઉપયોગ કરેલા બે મોટરસાયકલ સાથે ઝડપી લીધા હતા. ઝડપાયેલ આરોપી ધવલ પરમાર સામે રાજકોટના શાપર વેરાવળ તેમજ જેતપુર તાલુકા પોલીસ મથકમાં ત્રણ જેટલા ગુના નોંધાયેલા છે. આ અંગેની કામગીરીમાં પીઆઈ એમ આર ગોંડલીયા, પીઆઈ એમ.એલ ડામોર, પીઆઈસી એચ જાદવ, પીએસઆઈ એસવી ચુડાસમા એએસઆઈ સમીર શેખ વિજયરાજ સિંહ જાડેજા, યશવંતભાઈ ભગત, અર્જુન ડવ, કૃષ્ણદેવસિંહ ઝાલા રાહુલ ગોલ તુલસી ચુડાસમા, સુભાષભાઈ ઘોઘારી સંજય રૂપાપરા સહિતની ટીમ જોડાઈ હતી.

## શશી થરૂરને ભારતના વિદેશમંત્રી બનવાની ઈચ્છા! કોંગ્રેસના જ મોટા નેતાના દાવાથી રાજકારણ ગરમાયું

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પોતાની જ પાર્ટીના નેતાઓ સામે મોરચો ખોલીને રાજકીય વાતાવરણ ગરમાવી દીધું છે. અય્યરે શશિ થરૂર, પવન ખેડા અને જયરામ રમેશ જેવા દિગ્ગજ નેતાઓ સામે જાહેરમાં રોષ વ્યક્ત કર્યો છે. તેમણે દાવો કર્યો હતો કે, કોંગ્રેસના નેતાઓ અંદરોઅંદર એટલા વિખરાયેલા છે કે તેઓ ડાબેરી પક્ષો કરતા પણ એકબીજા પ્રત્યે વધુ નફરત ધરાવે છે. આ તીવ્ર જૂથવાદને ટાંકીને તેમણે એવી આશંકા પણ વ્યક્ત કરી છે કે, આગામી કેરળ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે વિજય મેળવવો મુશ્કેલ બનશે.

# આર્યનગરમાં વીજકરંટથી આધેડ ત્રીજા માળેથી પટકાયા : સારવારમાં મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે પેડક રોડ પર આવેલા આર્યનગરમાં એકાદ મહિના પહેલા મકાનના સેન્ટ્રીંગ કામ વેળાએ વીજતારને અડી જતાં આધેડને વીજશોક લાગતા ત્રીજા માળેથી નીચે પટકાયા હતાં.પેટના ભાગે તથા છાતીના ભાગે ગંભીર રીતે દાજી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવારમાં મોત નીપજ્યું હતું. આ અંગેની વિગત મુજબ પેડક રોડ પર આર્યનગર શેરી નં. ૧૨ માં રહેતા જગદીશભાઈ જીવણભાઈ ગોરવાડિયા (ઉ.વ.૫૨) નામના પ્રજાપતિ ગત તા.૧૬ જાન્યુઆરીના રોજ પોતાના ઘરે ત્રીજા માળે છતનું સેન્ટ્રીંગ કામ ચાલુ હતુ ત્યારે ત્રીજા માળે હતા ત્યારે ત્યાંથી પસાર થતાં વીજતારને અકસ્માતે અડી જતાં વીજશોક લાગતા તેઓ ત્રીજા માળેથી નીચે પટકાયા હતાં જેમાં તેઓને પેટના ભાગે તથા છાતીના ભાગે ગંભીર રીતે દાજી જતાં તેમને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.જ્યાં તેમનું સારવારમાં મોત નીપજયું હતું.પ્રાથમિક તપાસમાં જગદીશભાઈ એક ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને પાનની કેબીન ચલાવતા હતા.તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળેલ છે.

## ફરી એકવાર પાક.ના સપના ચકનાચુર કરતું ભારત

કોલંબો આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલા ભારત પાકિસ્તાનના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ભારતીય ટીમે પાકિસ્તાનને ૬૧ રને કારમી હાર આપી આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સુપર-૮ રાઉન્ડમાં એન્ટ્રી કરી લીધી છે. ભારતે આપેલા ૧૭૬ રનના ટાર્ગેટ સામે પાકિસ્તાની ટીમ માત્ર ૧૧૪ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ટી૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતની આ ૯ મેચમાં ૮મી જીત છે. વર્લ્ડ કપમાં ભારતની આ સતત ૧૧મી જીત છે (ગત વર્લ્ડ કપની ૮ અને ચાલુ વર્લ્ડકપની ૩ જીત), આ મેચમાં ત્રણ ગુજરાતી ખેલાડી જસપ્રીત બૂમરાહ, હાર્દિક પંડયા અને અક્ષર પટેલે બોલિગમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું.